# ભારતીય સેના માટે અદ્યતન હેલિકોપ્ટર, ટ્રોલ ટેન્ક સહીત ૧.૧૦ લાખ કરોડના સંપાદન પ્રસ્તાવોને મંજૂરી

## ભારતીય સેના માટેની કુલ ખરીદીનો ૯૮ ટકા હિસ્સો ભારતીય ઉદ્યોગમાંથી મેળવવામાં આવશે



નવી દિલ્હી,
સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહની અધ્યક્ષતામાં સંરક્ષણ સંપાદન પરિષદ (DAC) એ લગભગ ૧.૧૦ લાખ કરોડ રૂપિયાના લશ્કરી ખરીદીના મોટા રાઉન્ડને મંજૂરી આપી છે. સંરક્ષણ મંત્રાલયે રડાર, અદ્યતન હળવા હેલિકોપ્ટર અને મિકેનિકલ ખાણ સ્તરો સહિત ત્રણેય સેવાઓ માટે લશ્કરી હાર્ડવેરના સંપાદનને મંજૂરી આપી છે. કુલ ખરીદીનો લગભગ ૯૮ ટકા હિસ્સો ભારતીય ઉદ્યોગમાંથી મેળવવામાં આવશે.

ભારતીય સેના માટે, CBRN-દૂષિત વિસ્તારોની શોધ, ઓળખ, દેખરેખ અને માર્કિંગ માટે CBRN Recce વાહનો, પડકારજનક ભૂપ્રદેશમાં ઓપરેશનલ ગતિશીલતા અને લોજિસ્ટિક્સ સપોર્ટને વધારવા માટે હાઈ મોબિલિટી વાહનો (HMVs), ઝડપી અને પ્રતિભાવશીલ ખાણ-લેઈંગ કામગીરી માટે સ્વ-સંચાલિત મિકેનિકલ ખાણ સ્તરો (MMLs), વિવિધ ભૂપ્રદેશો અને ઓપરેશનલ પરિસ્થિતિઓમાં જટિલ મિશન માટે એડવાન્સ્ડ લાઈટ હેલિકોપ્ટર (ALHs), કામગીરી દરમિયાન લડાઈ રચનાઓની ગતિશીલતાને ટેકો આપવા માટે ટ્રોલ ટેન્ક, વિવિધ ભૂપ્રદેશોમાં સૈનિકોને સંયુક્ત ક્રોસિંગ પ્રદાન કરવા માટે સર્વત્ર બ્રિજ સિસ્ટમ માટે મંજૂરી આપવામાં આવી હતી.

ભારતીય નૌકાદળને વિવિધ નૌકાદળ હવાઈ મથકો પર હાલના એર રૂટ સર્વેલન્સ રડારને બદલવા માટે અરુધ રડાર માટે મંજૂરી મળી, મરીન ગેસ ટર્બાઈન (MGTs) વિદેશી વિક્રેતાઓ પર નિર્ભરતા ઘટાડવા માટે સ્વદેશી યુદ્ધ જહાજ પ્રોપલ્શન સિસ્ટમ્સની ડિઝાઈન, વિકાસ અને ત્યારબાદ ખરીદી.પરિવહન અને હેલિકોપ્ટર સિસ્ટમ્સ, ભારતીય વાયુસેના માટે ગ્રાઉન્ડ-બેઝ્ડ મલ્ટી-પર્પઝ જામર

ભારતીય વાયુસેના માટે, એકંદર યુદ્ધ-લડાઈ ક્ષમતા વધારવા માટે પરિવહન અને હેલિકોપ્ટર સિસ્ટમ્સ, વિરોધી રડાર સામે અસરકારક જામિંગ પ્રદાન કરવા માટે ગ્રાઉન્ડ-બેઝ્ડ મલ્ટી-પર્પઝ જામર (GBMPJ), કાગળ-આધારિત ઓળખ કાર્ડ, પાસ અને પરમિટને ઈન્ટરઓપરેટેબલ RFID-આધારિત સ્માર્ટ કાર્ડ્સથી બદલવા માટે DEFSAC સિસ્ટમ ડિફેન્સ ફોર્સિસ સિક્યોર એક્સેસ કાર્ડ સિસ્ટમ માટે મંજૂરી આપવામાં આવી.

ગયા વર્ષે, સંરક્ષણ મંત્રાલયે લગભગ ૭૯,૦૦૦ કરોડ રૂપિયાના લશ્કરી ખરીદીના મોટા રાઉન્ડને મંજૂરી આપી હતી. ભારતીય સેના માટે, કાઉન્સિલે લોઈટર મ્યુનિશન સિસ્ટમ્સ, લો લેવલ લાઈટ વેઈટ રડાર્સ, પિનાકા સિસ્ટમ માટે લોંગ રેન્જ ગાઈડેડ રોકેટ એમ્યુનિશન અને અપગ્રેડેડ ઈન્ટિગ્રેટેડ ડ્રોન ડિટેક્શન એન્ડ ઈન્ટરડિક્શન સિસ્ટમ Mk II ની ખરીદીને મંજૂરી આપી છે.

**જન્મદિન શુભેચ્છા**

# ભાવનગરના લોકપ્રિય સાંસદ અને કેન્દ્રીય રાજ્ય મંત્રી નીમુબેન બાંભણીયાનો આજે જન્મદિવસ



ભાવનગર-બોટાદ સંસદીય વિસ્તારના લોકપ્રિય સાંસદ તથા ભારત સરકારના ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયના કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયાનો આજે તા. ૮ સપ્ટેમ્બરના રોજ જન્મદિવસ છે. ભાવનગર મહાનગરપાલિકાના મેયર પદેથી પોતાની રાજકીય કારકિર્દીની શરૂઆત કરનાર નીમુબેન આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારમાં કેન્દ્રીય રાજ્ય મંત્રી તરીકે સફળતાપૂર્વક જવાબદારી નિભાવી રહ્યા છે.

અત્યંત મિલનસાર અને સરળ સ્વભાવ ધરાવતા નીમુબેન બાંભણીયા 'ગ્રાઉન્ડ લેવલ'ના નેતા તરીકે જાણીતા છે અને વિસ્તારના દરેક કાર્યકર્તા તથા મતદારોમાં ભારે લોકપ્રિયતા ધરાવે છે. ભાવનગરની ટ્રેન સુવિધાઓ, વિમાની સેવાઓ તેમજ હોસ્પિટલોને લગતી સેવા-સુવિધાઓના સુધારા સહિત પોતાના સંસદીય ક્ષેત્રના વિકાસ અને લોકપ્રશ્નોના ઉકેલ માટે તેમના પ્રયાસો સતત હકારાત્મક અને પરિણામલક્ષી રહ્યા છે. નોંધનીય છે કે, ભાવનગરના કોઈ મહિલા નેતાને કેન્દ્ર સરકારમાં મંત્રી પદ મળ્યું હોય તેવા તેઓ પ્રથમ રાજનેતા છે. તેમને લીલા ગ્રુપ ઓફ કંપનીના ચેરમેન કોમલકાંત શર્મા તથા મીડિયા હાઉસ 'સૌરાષ્ટ્ર આસપાસ', 'સૌરાષ્ટ્ર આજતક' અને શો ટાઈમ પરિવારે જન્મદિવસની શુભકામનાઓ પાઠવી છે.

# કાશ્મીરી પંડિતોની ઓક્ટોબરમાં દિલ્હી તરફ કૂચ : જંતર મંતર ખાતે ઉપવાસ કરશે

## ૨૦૦૦ કાશ્મીરી પંડિતો ૨૪ ઓક્ટોબરે દિલ્હીના જંતર-મંતર ખાતે પ્રસ્તાવિત ઉપવાસમાં ભાગ લેશે

જમ્મુ,
કાશ્મીરી પંડિતો સાથે સંકળાયેલ સંગઠન, પનુન કાશ્મીર, હવે તેની માંગણીઓ માટે દબાણ કરવા માટે ઓક્ટોબરમાં દિલ્હી તરફ કૂચ કરવાની તૈયારી કરી રહ્યું છે. સંગઠનના બેનર હેઠળ, આશરે ૨૦૦૦ કાશ્મીરી પંડિતો ૨૪ ઓક્ટોબરે દિલ્હીના જંતર-મંતર ખાતે પ્રસ્તાવિત ઉપવાસમાં ભાગ લેશે.

પ્રદર્શન દ્વારા, કેન્દ્ર સરકાર સમક્ષ વિવિધ મુદ્દાઓ ઉઠાવવામાં આવશે, જેમાં ખીણમાં અલગ વતન, વિસ્થાપિત સમુદાયોની સલામતી અને પડતર કેસોમાં ઝડપી ન્યાયનો સમાવેશ થાય છે. સંગઠન વડા પ્રધાન નરેન્દ્ર મોદીને સંબોધિત એક મેમોરેન્ડમ તૈયાર કરી રહ્યું છે.તેમાં કાશ્મીરી પંડિત સમુદાયને લગતા મુખ્ય મુદ્દાઓનો સમાવેશ થશે. પ્રદર્શન દરમિયાન, કેન્દ્ર સરકારના મંત્રીઓ સાથે મુલાકાત કરવાનો પ્રયાસ કરવામાં આવશે જેથી સમુદાયની માંગણીઓ અને સમસ્યાઓ સીધી સરકાર સમક્ષ રજૂ કરી શકાય. પનુન કાશ્મીરના અધિકારીઓ હાલમાં મેમોરેન્ડમને અંતિમ સ્વરૂપ આપી રહ્યા છે. સંગઠન જણાવે છે કે લાંબા સમયથી ચાલતા મુદ્દાઓના ઉકેલ માટે કેન્દ્ર સરકારના સ્તરે નક્કર પહેલ જરૂરી છે. પ્રદર્શનમાં મહિલાઓ પણ મુખ્ય રીતે સામેલ થશે.

# યુએસ રાજદૂત સર્જિયો ગોર ISRO વડાને મળ્યા; અવકાશમાં ભારત-અમેરિકા ભાગીદારી વધારવા ચર્ચા

નવીદિલ્હી,
ભારતમાં યુનાઈટેડ સ્ટેટ્સના રાજદૂત સર્જિયો ગોરે સોમવારે ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ઈસરો) ના અધ્યક્ષ ડૉ. વી. નારાયણનને મળ્યા હતા, જેમાં બંને દેશો વચ્ચે અવકાશ સહયોગ વધારવા, જેમાં માનવ અવકાશ ઉડાનમાં શક્ય સહયોગનો સમાવેશ થાય છે, અંગે ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠક ભારત તેના માનવ અવકાશ ઉડાન કાર્યક્રમને આગળ ધપાવવા અને ઊંડા અવકાશ સંશોધન પર નજર રાખવાના ઉદ્દેશ્ય સાથે થઈ રહી છે. ઈસરો હાલમાં ગગનયાન મિશન પર કામ કરી રહ્યું છે, જ્યારે તેની લાંબા ગાળાની યોજનાઓમાં પ્રસ્તાવિત ભારતીય અંતરિક્ષ સ્ટેશન અને ચંદ્ર પર ભાવિ ક્રૂ મિશનનો સમાવેશ થાય છે.સર્જિયો ગોરે નારાયણન સાથેની ચર્ચાઓને "ઉત્પાદક વાતચીત" ગણાવી હતી અને કહ્યું હતું કે બંને પક્ષોએ યુએસ-ભારત અવકાશ



ભાગીદારીને વધુ આગળ વધારવાના માર્ગો શોધ્યા છે."માનવ અવકાશ ઉડાન કાર્યક્રમ સહિત, યુ.એસ.-ભારત અવકાશ સહયોગને વધુ આગળ વધારવા પર @isro ના ચેરમેન ડૉ. વી. નારાયણન સાથે ઉત્પાદક વાતચીત. @NASA દ્વારા ISRO ને તેના મૂન બેઝ પ્રોગ્રામમાં લાવવા માટે તાજેતરમાં આમંત્રણ આપવામાં આવ્યું છે જે દર્શાવે છે કે આ ભાગીદારી કેટલી દૂર જઈ શકે છે - ચંદ્ર અને તેનાથી આગળ," સર્જિયો ગોરે ઠ પર લખ્યું.અગાઉ, સર્જિયો ગોરે કહ્યું હતું કે વોશિંગ્ટન ઈચ્છે છે કે ભારત "આપણી બાજુમાં" હોય કારણ કે યુનાઈટેડ સ્ટેટ્સ ચંદ્ર પર પાછા ફરે છે. તેમણે એ પણ ખુલાસો કર્યો હતો કે NASA એ ISRO ને તેના મૂન બેઝ પ્રોગ્રામમાં જોડાવા માટે સત્તાવાર રીતે આમંત્રણ આપ્યું છે."ભારત આર્ટેમિસ કરારનો ગર્વિત સહી કરનાર છે, અને NASA એ ISRO ને ચંદ્ર બેઝ પ્રોગ્રામમાં અમારી સાથે જોડાવા માટે સત્તાવાર રીતે આમંત્રણ આપ્યું છે. કોઈ ભૂલ ન કરો: અમે ચંદ્ર પર પાછા જઈ રહ્યા છીએ, અને અમે ચંદ્રની સપાટી પર ભારતને અમારી બાજુમાં ઈચ્છીએ છીએ," ગોરે બેંગલુરુ સ્પેસ એક્સ્પો ૨૦૨૬ માં બોલતા કહ્યું.તેમની ટિપ્પણીઓ ત્યારે આવી છે જ્યારે, આર્ટેમિસ મિશન હેઠળ, NASA વૈજ્ઞાનિક શોધ, આર્થિક લાભો અને મંગળ પર પ્રથમ ક્રૂ મિશન માટે પાયો બનાવવા માટે ચંદ્રનું વધુ અન્વેષણ કરવા માટે વધુને વધુ મુશ્કેલ મિશન પર

# બિહાર : તિરુપતિ સુગર્સ મિલના સર્વર પર સાયબર હુમલો, ૧૦૦ કરોડ રૂપિયાના નુકસાનનો દાવો

## સાયબર હેકર્સે મિલના મુખ્ય સર્વર અને એસએપી સિસ્ટમને હેક કરી હોવાનો આરોપ

પટણા,
બિહારના પશ્ચિમ ચંપારણ જિલ્લાના બગાહામાં સ્થિત તિરુપતિ સુગર્સ મિલ પર સાયબર હુમલો થયો હોવાની જાણ થઈ છે. અજાણ્યા સાયબર હેકર્સે મિલના મુખ્ય સર્વર અને એસએપી સિસ્ટમને હેક કરી હોવાનો આરોપ છે. આ ઘટના બાદ, મિલ મેનેજમેન્ટે બગાહા સાયબર પોલીસ સ્ટેશનમાં અજાણ્યા હેકર્સ વિરુદ્ધ એફઆઈઆર નોંધાવી છે. પોલીસે આ મામલાની તપાસ શરૂ કરી છે.

મિલ મેનેજમેન્ટ દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદ મુજબ, સાયબર હુમલો ૧૮ થી ૨૦ ઓગસ્ટ દરમિયાન થયો હતો. હેકર્સે મિલના સર્વર અને એસએપી સિસ્ટમનો ભંગ કર્યો હતો, જેમાં મહત્વપૂર્ણ ડેટાનો નાશ થયો હતો. મેનેજમેન્ટનો દાવો છે કે મિલને આશરે ૧૦૦ કરોડ (આશરે ૧૦ મિલિયન) નું નુકસાન થયું છે. વધુમાં, આશરે ૧ કરોડ (આશરે ૧૦ મિલિયન) નો ગોપનીય ડેટા ચોરાઈ ગયો છે.સાયબર હુમલાથી મિલના દૈનિક કામકાજ પર પણ અસર પડી છે. સર્વર અને સોફ્ટવેર સિસ્ટમ ખોરવાઈ ગઈ છે, જેના કારણે ખાંડનું વેચાણ, બિલિંગ, સ્ટોકિંગ અને ડિસ્પેચ ખોરવાઈ ગયા છે. મિલના સર્વરમાં ખેડૂતોને શેરડીની ચૂકવણી સંબંધિત માહિતી તેમજ મિલના એકાઉન્ટિંગ અને અન્ય મહત્વપૂર્ણ વ્યવસાયિક ડેટા હતો.

# મુંબઈમાં ટીપુ સુલતાનના નામ પર પાર્ક બનાવવાનો વિરોધ, બીએમસીની પ્રસ્તાવ પાછો ખેંચવાની તૈયારી

## મુંબઈમાં જાહેર સ્થળોના નામકરણને લઈને ફરી એકવાર રાજકારણ તેજ

મુંબઈ,
મહારાષ્ટ્રની રાજધાની મુંબઈમાં જાહેર સ્થળોના નામકરણને લઈને ફરી એકવાર રાજકારણ તેજ બન્યું છે. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી) એ ગોવંડીના શિવાજી નગર વિસ્તારમાં ટીપુ સુલતાન નામના મ્યુનિસિપલ પાર્કના નામકરણના પ્રસ્તાવને પાછો ખેંચવાની ભલામણ કરી છે. સ્થાનિક રહેવાસીઓ અને કેટલાક સંગઠનોના સતત વિરોધને કારણે વહીવટીતંત્રે આ પગલું ભર્યું છે. આ પ્રસ્તાવ હવે મ્સ્ઝની માર્કેટ અને ગાર્ડન કમિટીની બેઠકમાં ચર્ચા માટે મૂકવામાં આવશે. સમિતિ નક્કી કરશે કે પાર્કને "ટીપુ સુલતાન ઉદ્યાન" નામ આપવાની દરખાસ્તને ઔપચારિક રીતે પાછી ખેંચી લેવી કે નહીં.

જાન્યુઆરી ૨૦૨૧ માં વિવાદ શરૂ થયો હતો, જ્યારે તત્કાલીન સમાજવાદી પાર્ટીના કોર્પોરેટર રૂખસાના સિદ્દીકીએ નવા વિકસિત પાર્કનું નામકરણ ટીપુ સુલતાન નામકરણ કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. જોકે, તે વર્ષના જુલાઈમાં, માર્કેટ અને ગાર્ડન કમિટીની બેઠકમાં પાર્ક પર અધૂરા સિવિલ વર્કને ટાંકીને નામકરણનો નિર્ણય મુલતવી રાખવામાં આવ્યો હતો.

બીએમસી વહીવટીતંત્રના જણાવ્યા અનુસાર, પાર્કનું વિકાસ કાર્ય ફેબ્રુઆરી ૨૦૨૨ માં પૂર્ણ થયું હતું. તેમ છતાં, સ્થાનિક રહેવાસીઓ અને વિવિધ સંગઠનોએ નામકરણનો વિરોધ ચાલુ રાખ્યો હતો. પોતાના નવા પ્રસ્તાવમાં, વહીવટીતંત્રે જણાવ્યું હતું કે સ્થાનિક વિરોધને કારણે પાર્કનું નામ "ટીપુ સુલતાન ઉદ્યાન" રાખવું યોગ્ય રહેશે નહીં. એ નોંધવું જોઈએ કે થાણેના મીરા-ભાયંદરમાં ટીપુ સુલતાન ચોકનું નામ બદલવાનો અગાઉનો નિર્ણય પણ લેવામાં આવ્યો હતો.

ભૂતપૂર્વ કોર્પોરેટર રૂખસાના સિદ્દીકીએ વહીવટીતંત્રના નિર્ણય પર પ્રશ્ન ઉઠાવતા કહ્યું હતું કે ટીપુ સુલતાન અંગ્રેજો સામે લડ્યા હતા અને તેમનો ઈતિહાસ મહારાષ્ટ્રની શાળાઓમાં વર્ષોથી ભણાવવામાં આવે છે.

# દેહરાદૂનમાં કોંગ્રેસે શુદ્ધિકરણના વિરોધમાં મુખ્યમંત્રીના નિવાસસ્થાનનો ઘેરાવ કર્યો

## વરસાદ વચ્ચે કાર્યકરોએ શક્તિ પ્રદર્શન કર્યું

દેહરાદૂન,
કોંગ્રેસના કાર્યકરોએ શુદ્ધિકરણ વિધિનો વિરોધ કરવા માટે હલ્દવાનીમાં મુખ્યમંત્રીના નિવાસસ્થાન તરફ કૂચ કરી. ભારે વરસાદ છતાં, મોટી સંખ્યામાં કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરો મુખ્યમંત્રીના નિવાસસ્થાન તરફ કૂચમાં જોડાયા હતા. આ દરમિયાન પોલીસે વિરોધીઓને રોકવા માટે હાથીબરકલા નજીકના વિસ્તારમાં બેરિકેડિંગ કરી હતી. કોંગ્રેસના નેતાઓ અને પોલીસ વચ્ચે ઝપાઝપી થઈ હતી. રાજ્ય પ્રભારી કુમારી શેલજાએ પણ વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો હતો.

૮ ઓગસ્ટના રોજ હલ્દવાનીના રામલીલા મેદાનમાં કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેની રેલી બાદ, સ્થળ શુદ્ધિકરણનો મુદ્દો જોર પકડી રહ્યો છે. રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોમાં અહેવાલો નોંધાયા હોવા છતાં આરોપીઓ સામે એફઆઈઆર નોંધવામાં નિષ્ફળતા અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી સામે એફઆઈઆર દાખલ કરવા બદલ કોંગ્રેસ આક્રમક રીતે વિરોધ કરી રહી છે.રાજ્ય પ્રભારી કુમારી શેલજાએ આરોપ લગાવ્યો કે ભાજપ સરકારે ઉત્તરાખંડના લોકોની લાગણીઓ સાથે દગો કર્યો છે. રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેની રેલી પછી, ભાજપે પોતાના લોકોને શુદ્ધિકરણ સમારોહ કરાવ્યો. ભાજપ આગામી ચૂંટણી માટે તમામ પ્રકારની યુક્તિઓ અપનાવી રહી છે.

# લોકશાહી દેશમાં વિપક્ષને દબાવવા માટે નવા ઉપનામો આપવામાં આવ્યા : મલ્લિકાર્જુન ખડગે

## કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ વડાપ્રધાન પર આકરા પ્રહારો કર્યા

નવીદિલ્હી,
દિલ્હી યુનિવર્સિટીના શ્રી રામ કોલેજ ઓફ કોમર્સના શતાબ્દી ઉજવણીમાં પીએમ નરેન્દ્ર મોદીના ભાષણ બાદ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે રાજકીય બોલાચાલી વધુ તીવ્ર બની છે. પીએમ મોદીએ પોતાના ભાષણમાં સરકારની યોજનાઓનો વિરોધ કરનારાઓને "ક્રોધિત અંકલ" કહ્યા હતા. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ હવે આ ટિપ્પણી પર વડાપ્રધાન પર આકરા પ્રહારો કર્યા છે.

ખડગેએ કહ્યું કે એસઆરસીસી જેવું પ્લેટફોર્મ યુવાનો, શિક્ષણ, રોજગાર અને તેમના ભવિષ્ય પર ચર્ચા કરવાની તક હતી, પરંતુ વડાપ્રધાનનું ભાષણ રાજકીય અભિયાનમાં ફેરવાઈ ગયું. તેમણે આરોપ લગાવ્યો કે પ્રશ્નો ટાળવા માટે દર વર્ષે વિપક્ષને નવું નામ આપવામાં આવે છે. જવાબમાં, ભાજપ અધ્યક્ષ નીતિન નવીને પણ કોંગ્રેસ પર કટાક્ષ કરતા કહ્યું કે દેશ પ્રગતિ કરી રહ્યો છે, પરંતુ વિપક્ષ દરેક મુદ્દા પર ગુસ્સે રહે છે.

ખર્ગેએ કહ્યું કે દેશના યુવાનો બેરોજગારી, સરકારી ભરતીમાં વિલંબ, પેપર લીક, વધતા શિક્ષણ ખર્ચ અને ઘટતી શિષ્યવૃત્તિથી પરેશાન છે. તેમણે યુનિવર્સિટી સ્વાયત્તતા પર વધતા દબાણનો મુદ્દો પણ ઉઠાવ્યો. ખર્ગેએ કહ્યું કે આ




પ્રશ્નોના જવાબ ફક્ત ઝાડીઓમાં મારવાથી આપી શકાતા નથી.

ખર્ગેએ એક્સ પર પોસ્ટ કરી અને કહ્યું કે પીએમ મોદીએ યુવાનોના પ્રશ્નોનો સામનો કરવો જોઈતો હતો. તેમણે આરોપ લગાવ્યો કે લોકશાહીમાં, વિપક્ષને પ્રશ્નો દબાવવા માટે નવા ઉપનામો આપવામાં આવે છે.

# દિલ્હીમાં સત્ય નિકેતન બિલ્ડિંગ ધરાશાયી થયા બાદ એમસીડી ડેપ્યુટી કમિશનર સહિત પાંચ અધિકારીઓ સસ્પેન્ડ

## અકસ્માતમાં મૃત્યુઆંક વધીને સાત થયો : ઈમારતના માલિક હરિરામની ધરપકડ

નવીદિલ્હી,
દિલ્હી યુનિવર્સિટીના દક્ષિણ કેમ્પસ નજીક સ્થિત સત્ય નિકેતન બિલ્ડિંગ ધરાશાયી થયા બાદ મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ મોટી કાર્યવાહી કરી છે. ધસી પડ્યા બાદ બેદરકારી બદલ પાંચ એમસીડી અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. સસ્પેન્ડ કરાયેલા અધિકારીઓમાં રાકેશ કુમાર - ડેપ્યુટી કમિશનર, દક્ષિણ ઝોન, રણવીર સિંહ - અધિક્ષક ઈજનેર, દક્ષિણ ઝોન,લલિત કુમાર ગોયલ - એક્ઝિક્યુટિવ ઈજનેર, દક્ષિણ ઝોન,સુનીલ ચૌહાણ - સહાયક ઈજનેર, દક્ષિણ ઝોન, આશિષ કુમાર - જુનિયર ઈજનેરનો





સમાવેશ થાય છે સત્ય નિકેતન વિસ્તારમાં ધરાશાયી થયેલી ઈમારતના માલિક હરિરામની ધરપકડ કરવામાં આવી છે. આરોપીની ભીવાડીમાં ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ હાલમાં તેને અટકાયતમાં લઈને પૂછપરછ કરશે. પોલીસ કહે છે કે વધુ તપાસ ચાલુ છે.આજે સવારે શાંતિ નિકેતનમાં ધરાશાયી થયેલી પાંચ માળની ઈમારતના કાટમાળમાંથી વધુ એક મૃતદેહ મળ્યો છે. આ સાથે, અકસ્માતમાં મૃત્યુઆંક વધીને સાત થયો છે.હાલમાં યુદ્ધના ધોરણે શોધ અને બચાવ કામગીરી ચાલી રહી છે. દિલ્હી પોલીસ, દિલ્હી ફાયર સર્વિસ, એનડીઆરએફ અને ડીડીએમએની ટીમો કાટમાળમાં ફસાયેલા લોકોને શોધવા માટે સતત બચાવ કામગીરી ચલાવી રહી છે એનડીઆરએફના આઈજી નરેન્દ્ર બુંદેલાએ જણાવ્યું હતું કે કાટમાળમાં ફસાયેલા લોકોની ચોક્કસ સંખ્યા હજુ સુધી જાણી શકાઈ નથી, અને બચાવ કામગીરી મોડી રાત સુધી ચાલુ રહી શકે છે.મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ સોમવારે સતત બીજા દિવસે રાહત અને બચાવ કામગીરીની સમીક્ષા કરવા સ્થળની મુલાકાત લીધી હતી.

# બિહારમાં પૂરનો પ્રકોપ : ૨૭ લાખથી વધુ લોકો પ્રભાવિત, શહેરોમાં પણ પાણી ઘૂસી ગયું

## ૧૩ જિલ્લાઓના ૭૪ બ્લોકમાં ૪૨૩ ગ્રામ પંચાયતોમાં પૂરથી આશરે ૨૭.૦૧ લાખ લોકો પ્રભાવિત

પટણા,
બિહારમાં પૂર સતત તબાહી મચાવી રહ્યું છે. ગંડક, કોસી, પુનપુન, દર્ધા, સોન, બાગમતી અને ગંગા સહિત અનેક નદીઓમાં પાણીના સ્તરમાં વધારો થવાથી પટના, ભોજપુર, બક્સર, વૈશાલી, સારણ, બેગુસરાય, ખગરિયા, મુંગેર, ભાગલપુર, બાંકા, સહરસા અને સુપૌલના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયું છે. ઘરો, ખેતરો અને કોઠાર ડૂબી ગયા છે. જળ સંસાધન વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા અહેવાલમાં જણાવાયું છે કે ૧૩ જિલ્લાઓના ૭૪ બ્લોકમાં ૪૨૩ ગ્રામ પંચાયતોમાં પૂરથી આશરે ૨૭.૦૧ લાખ લોકો પ્રભાવિત થયા છે. અસરગ્રસ્ત જિલ્લાઓમાં પટના, ભોજપુર, સારણ, વૈશાલી, ભાગલપુર, બેગુસરાય, બક્સર, સમસ્તીપુર, મુંગેર, કટિહાર, લખીસરાય, ખગરિયા અને અરવલનો સમાવેશ થાય છે. ૭૦ થી વધુ બ્લોકમાં ૨૦ લાખથી વધુ લોકો પૂરથી પ્રભાવિત થયા છે. પૂરના પાણીમાં ડૂબી જવાથી ૨૦ થી વધુ લોકોના મોત થયા છે. મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી નિયમિતપણે પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ રહ્યા છે. આજે તેઓ સોનપુર પહોંચ્યા. તેમણે અધિકારીઓને ૨૪ કલાક દેખરેખ અને રાહત અને બચાવ કામગીરી સહિત અનેક નિર્દેશો જારી કર્યા છે.

પટણામાં, ગંગાની સાથે, પુનપુન, દર્ધા અને મહાત્માઈન નદીઓ પણ પૂરમાં છે. પટણાના ગાંધી ઘાટ ખાતે ગંગાનું પાણીનું સ્તર ૫૦.૫૭ મીટર સુધી પહોંચી ગયું છે. ૨૦૧૬ પછી આ પહેલી વાર આવી પરિસ્થિતિ બની છે. ૨૦૧૬માં, ગાંધી ઘાટ ખાતે ગંગાનું પાણીનું સ્તર ૫૦.૫૨ મીટર નોંધાયું હતું. દિઘા ઘાટ, એલસીટી ઘાટ, કલેક્ટરેટ ઘાટ, ગાંધી ઘાટ, રાણી ઘાટ અને મહાવીર ઘાટ સહિત તમામ ઘાટ પર ગંગા નદી છલકાઈ રહી છે. દિઘા ઘાટ પર મુક્તિધામ (રાહત મંદિર) ડૂબી જવાને કારણે, લોકોને રસ્તાની બાજુમાં અગ્નિસંસ્કાર કરવાની ફરજ પડી રહી છે. બાંસ ઘાટ અને ગુલાબી ઘાટ પર પણ આવી જ સ્થિતિ છે. કંગન ઘાટ પર પાણી એપ્રોચ રોડ પર ઘૂસી ગયું છે. કંગન ઘાટ નજીક ગુરુદ્વારા વિસ્તારમાં ઘૂંટણિયે પાણી ભરાઈ ગયું છે. પટના શહેરના ૧૦ થી વધુ વિસ્તારોમાં પૂરનું પાણી ઘૂસી ગયું છે, જેના કારણે રહેવાસીઓ ખૂબ જ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. દાનાપુર, પાલીગંજ, માનેર અને મોકામામાં પણ ઘણી પંચાયતો પ્રભાવિત છે. પુનપુન નદી કિનારે આવેલા ૧૭ થી વધુ ગામોમાં પૂરનું પાણી ઘૂસી ગયું છે. પુનપુન નદીનું પાણીનું સ્તર સતત વધી રહ્યું છે, જેના કારણે પુનપુન વિસ્તારમાં ભયાનક પરિસ્થિતિ સર્જાઈ રહી છે.

# કારખાનેદારનો ગળાફાંસો ખાઈ આપઘાત, એક દીકરો અને દીકરીએ પિતાની છત્રછાયા ગૂમાવી

રાજકોટઃ

રાજકોટ શહેરમાં કારખાનેદારે અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઇ લેતા એક દીકરો અને દીકરીએ પિતાની છત્રછાયા ગૂમાવી દીધી હતી.

રાજકોટના કારખાનેદારે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. શહેરના મવડી વિસ્તારમાં બાપા સીતારામ ચોક પાસે રહેતા ૪૦ વર્ષીય ગીરીશભાઈ દામજીભાઈ હિરપરાએ ૭ સપ્ટેમ્બરના સાંજે ૪ વાગ્યે આ જ વિસ્તારમાં આવેલા પોતાના રુદ્રાક્ષ કારખાનામાં ગળાફાંસો ખાઈ લીધો હતો. જેની આસપાસના લોકોને જાણ થતા તેમને તુરંત જ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા પરંતુ હોસ્પિટલમાં ફરજ પરના તબીબે કારખાનેદારનું મૃત્યુ નિપજ્યું હોવાનું જાહેર કર્યું હતું. જે અંગે રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી હતી. પોલીસે કરેલી પ્રાથમિક તપાસમાં આ કારખાનેદારને સંતાનમાં એક દીકરો અને દીકરી છે પરંતુ કયા કારણોથી આ યુવાને આપઘાત કરી લીધો તે અંગેનું ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી.

**કોઠારીયા ગામમાં પરિવારના ૫ સભ્યો પર લોખંડના પાઈપ - લાકડીથી ૨ શખ્સોનો હૂમલો**

રાજકોટ શહેરના કોઠારીયા આણંદપર ગામમાં તા.૬ સપ્ટેમ્બરના સાંજના સમયે ૨ શખ્સોએ અન્ય

પરિવારના ૫ સભ્યો પર લોખંડના પાઈપ - લાકડીથી હૂમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. મજૂરી કામ કરતા રવિ જાદવે કુવાડવા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ભાઈ પ્રફુલ સાથે ગામમાં જ રહેતા દિનેશ વાઢેરના દીકરાને ઝઘડો થયો હતો. જેનો ખાર રાખી તે અને વિશાલ વાઢેર લોખંડના પાઇપ અને લાકડી લઈ ત્યાં પહોંચી ગયા હતા અને રવિભાઈ, મનીષભાઈ, અશોકભાઈ, જાનાબેન, મૂળજીભાઈ અને તનવીરને માર માર્યો હતો અને જ્ઞાતિ પ્રત્યે હડધૂત કર્યા હતા. જે અંગે કુવાડવા રોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ શરૂ કરી છે.

# લાખોનું વ્યાજ ચૂકવ્યા છતાં પઠાણી ઉઘરાણી કરતાં ૭ વ્યાજખોરો સામે પોલીસમાં ગુનો દાખલ

## ધંધાના વિસ્તરણ માટે લીધેલા ૨.૮૦ લાખ ચૂકવવા વેપારી વ્યાજની વિષચક્રમાં ફસાયા

રાજકોટ:રાજકોટ શહેરના કોઠારિયા વિસ્તારમાં શુભમ એન્ટરપ્રાઇઝ નામે હાર્ડવેરનો વ્યવસાય કરતા વિરેન્દ્રભાઈ ચૌહાણે ધંધાકીય જરૂરિયાત માટે અલગ-અલગ શખ્સો પાસેથી ૨.૮૦ લાખથી ૧૨ લાખ સુધીની રકમ વ્યાજે લીધી હતી. લાખો રૂપિયાનું તોતિંગ વ્યાજ નિયમિત ચૂકવી દીધું હોવા છતાં વ્યાજખોરો દ્વારા પઠાણી ઉઘરાણી અને ધમકીઓ ચાલુ રાખવામાં આવતાં વેપારીએ આખરે આજીડેમ પોલીસ સ્ટેશનમાં ૭ શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે મુસ્તકીમ અંસારી, દિનેશભાઈ પટેલ, મુકેશભાઈ ગઢવી, અમૃતભાઈ ઉર્ફે અમીતભાઈ શાહ, પ્રમોદભાઈ ચૌહાણ, નાગરાજભાઈ ધાધલ અને શક્તિભાઈ જાડેજા સામે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

ફરિયાદી વેપારી વિરેન્દ્રભાઈ ચૌહાણે પોલીસ સમક્ષ જણાવેલી વિગતો અનુસાર, દોઢ વર્ષ અગાઉ પોતાના કારખાનામાં નવું CNC મશીન વસાવવા માટે તેઓ મિત્ર રાજેન્દ્ર ચૌહાણ મારફતે પંચરની દુકાન ચલાવતા મુસ્તકિમ અંસારી પાસે ગયા હતા. મુસ્તકિમે તેમને ૪ ટકા માસિક વ્યાજે ૨.૮૦ લાખ આપ્યા હતા. આ નાણાં અને તેનું વ્યાજ ભરપાઈ કરવા માટે તેમણે અન્ય ૬ વ્યક્તિઓ પાસેથી વારાફરતી વ્યાજે નાણાં લેવા પડ્યા હતા. સમય જતાં લાખો રૂપિયાનું વ્યાજ ચૂકવી દેવા છતાં તમામ આરોપીઓ દ્વારા સતત વધુ વ્યાજની ઉઘરાણી કરીને માનસિક દબાણ કરવામાં આવી રહ્યું હતું.

ફરિયાદીએ ગંભીર આક્ષેપ કર્યો છે કે, આરોપીઓ દ્વારા ૪ થી ૬ ટકા જેટલું ઊંચું વ્યાજ વસૂલવામાં આવતું હતું અને સુરક્ષા પેટે સહી કરેલા કોરા ચેક તેમજ મિલકતના અસલ દસ્તાવેજો ગેરકાયદેસર રીતે પડાવી લેવામાં આવ્યા હતા. વ્યાજના હપ્તા ભરવામાં સહેજ પણ મોડું થાય તો આરોપીઓ ફોન પર અને રૂબરૂ આવીને ગાળાગાળી કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા હતા. આ સમગ્ર મામલે આજીડેમ પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૫૨, ૩૫૧(૪) તેમજ ગુજરાત મની લેન્ડર્સ એક્ટની વિવિધ કડક કલમો હેઠળ ગુનો નોંધી આરોપીઓની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# પડધરીમાં મોટરકારે બાઈકને ટક્કર મારી, ચાલક ગંભીર ઘાયલ

## હવામાં ફંગોળાયેલા બાઈક ચાલકને રાજકોટ સિવિલ ખસેડાયો




રાજકોટ:પડધરીના ગીતાનગર બસ સ્ટેન્ડ પાસે એક માર્ગ અકસ્માત થયો હતો. એક મોટરકારે બાઈક ચાલકને ટક્કર મારી હતી, જેમાં બાઈક ચાલક ઈજાગ્રસ્ત થયો હતો.

મળતી માહિતી મુજબ, પૂરપાટ ઝડપે આવી રહેલી મોટરકારે બાઈક ચાલકને જોરદાર ટક્કર મારી. ટક્કર એટલી જોરદાર હતી કે બાઈક ચાલક હવામાં ફંગોળાઈ ગયો હતો.અકસ્માત પછી આસપાસના લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ઈજાગ્રસ્ત બાઈક ચાલકને પ્રાથમિક સારવાર આપ્યા બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.આ બનાવ અંગે સ્થાનિક પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

# મોરબીમાં નકલી વિદેશી દારૂ બનાવતી મિની ફેક્ટરી ઝડપાઈ!

મોરબી:ભાવનગરમાં તાજેતરમાં લઠ્ઠાકાંડથી ૧૩ લોકોના મોત થયા હતા. આ ઘટનાની હજુ શાહી સુકાઈ નથી ત્યા હવે મોરબીના મોટા દહીસરા ગામેથી નકલી વિદેશી દારૂ બનાવતી ફેક્ટરી ઝડપાઈ છે. ન્ઝમ્ની ટીમે સ્થાનિક પોલીસ સાથે મળી અહિં દરોડો પાડ્યો હતો. પોલીસે ૫ આરોપીઓની ધરપકડ કરી રૂ. ૨૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

LCBની ટીમને માહિતી મળી હતી કે, મોટા દહીસરા ગામ પાસે કૃષ્ણનગરમાં રહેતા મહેશ ઉર્ફે મુન્નો અને અજયસિંહ જાડેજા પોતાના મકાનમાં કેમિકલમાંથી નકલી વિદેશી દારૂ બનાવે છે. તેઓ આ દારૂને કાચની બોટલોમાં પેક કરીને વેચવાની તૈયારી કરી રહ્યા હતા. જેના આધારે પોલીસે મોટા દહીસરા ગામે મકાનમાં દરોડો પાડ્યો હતો. જેમાં ૨ ડ્રમમાંથી ૪૦૦ લિટર આલ્કોહોલ જેવું કેમિકલ અને ૧ ડ્રમમાંથી



**બજારમાં દારૂ વેચે તે પહેલા જ પોલીસે ૫ આરોપીને ઝડપ્યા, ૬૦૦ લિટર કેમિકલ સહિત રૂ. ૨૦ લાખનો મુદ્દામાલ જપ્ત**

કેમિકલ, પાણી, કલર, એસેન્સ અને પ્રિઝર્વેટિવ મિશ્રિત ૨૦૦ લિટર પ્રવાહી મળ્યું હતું.

આ ઉપરાંત, પ્રવાહી ખેંચવાની ઈલેક્ટ્રિક મોટર, પ્લાસ્ટિકની નળીઓ અને આલ્કોહોલની ક્ષમતા માપવાનું મીટર સહિતની વસ્તુઓ પણ મળી આવી હતી. બોટલિંગ અને પેકેજિંગ માટે ૧૪૦૦ જેટલી ખાલી બોટલો, બોટલના બુચ, બાર કોડ અને ક્યુઆર કોડના સ્ટીકર, પાણીના ૨૦ લિટરના જગ, બ્લેન્ડર સ્પાઈડ વ્હિસ્કીના સ્ટીકર અને પૂંઠા તેમજ બોટલિંગ અને પેકેજિંગના અન્ય સાધનો પણ મળ્યા હતા.

પોલીસે નકલી વિદેશી દારૂ બનાવવા માટે ઉપયોગમાં લેવાતું કુલ ૬૦૦ લિટર કેમિકલ, દારૂની મોટી બોટલોની ૨૩ પેટી, રૂ. ૬.૫૦ લાખ રોકડા અને એક કાર સહિત કુલ ૨૦ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આરોપીઓ બજારમાં નકલી વિદેશી દારૂ વેચે તે પહેલા જ તેમને ઝડપી પાડ્યા હતા.

આરોપીઓ સામે માળિયા તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવાની પ્રક્રિયા ચાલી રહી છે. પોલીસ એ દિશામાં પણ તપાસ કરી રહી છે કે આ લોકો કેમિકલ તેમજ બોટલિંગ અને પેકેજિંગ માટેનો સામાન ક્યાંથી લાવ્યા હતા. પોલીસે નકલી દારૂ બનાવતી આ મિની ફેક્ટરીનો પર્દાફાશ કર્યો હતો.ઉલ્લેખનીય છે કે, અગાઉ મોરબીમાંના રફાળેશ્વર વિસ્તારમાંથી નકલી દારૂ બનાવવાની ફેક્ટરી ઝડપાઇ હતી. ત્યારબાદ માળીયા મિયાણાનાં દેવગઢ ગામે ઘરમાંથી નકલી દારૂ બનાવવાની ફેક્ટરી ઝડપાઇ હતી. તેમજ મોરબીમાં સસ્તી દારૂની બોટલોમાંથી મોંઘી દારૂની બોટલો બનાવવાનું કૌભાંડ પણ અગાઉ પકડાયું હતું.

## મારી નાખીશ કહી પથ્થર-લાકડી વડે તૂટી પડયા

# ઉપલેટાના મેરવદરમાં યુવાનને મહિલા સહિત બે શખ્સની બેફામ મારામારી

ઉપલેટાઃ

ઉપલેટાના તાલુકાના મેરવદર ગામે રહેતા યુવાન સાથે વાહન અથડાવી મહિલા સહિત બે શખ્સે પથ્થર અને લાકડી વડે માર માર્યો હતો.આજે તને જીવતા નહીં રહેવા દઉં કહી ઢોર માર મરાતા યુવાન ઈજાગ્રસ્ત થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ઘવાયેલા યુવાનની ફરિયાદ પરથી ભાયાવદર પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

ઉપલેટાના મેરવદર ગામે રહેતા કિશોરભાઈ જયંતિલાલ વારગીયા (ઉ.વ.૪૨) એ આરોપી તરીકે રાજુ ગેલાભાઈ ધુળા (રહે. પરડવા, જામજોધપુર, જામનગર) અને મીના કમલેશભાઈ વિંઝુડા (રહે. મેરવદર, ઉપલેટા, રાજકોટ) ના નામ આપ્યા છે. યુવાને ફરિયાદમાં જણાવ્યુ હતું કે, ગઈ તા. ૩૦/૦૮/૨૦૨૬ ના રોજ સવારના સાત વાગ્યે મેરવદર ગામે આવેલ વાડીએ પાણી વાળવા માટે ગયો હતો.વળતા ગામના રતિભાઈ ભાલોડીયાની વાડી પાસે ઉભા રહી વાહન ઉભુ રાખી યુવાન તેના કાકા લાખાભાઈ પાલાભાઈ વારગીયા સાથે ફોન પર વાત કરતો હતો. ત્યારે પરડવાના રાજુ ગેલાભાઈ ધુળા મોટર સાયકલ સામેથી લઈને મારી પાસેથી નિકળ્યા હતા.

તેનુ મોટર સાયકલ યુવાનના જમણા પગના ભાગે આંગળીમાં અડાડી બાદ રાજુભાઈએ પોતાનુ બાઈક થોડે આગળ ઉભુ રાખી કહેવા લાગ્યો હતો કે, કયાંય જતો નહીં ત્યા જ ઉભો રહેજે. બાદમાં રાજુ ધૂળા નીચે ઉતરી પોતાના ફોનમા વીડિયો ઉતારવા લાગ્યો હતો. બાદમાં મારી સાથે મારામારી કરી હતી અને ધમકી આપી હતી કે આજ તને જવા નહીં દઉં, મારી નાખીશ.ત્યાર પછી કોઈને ફોન કરીને બોલાવ્યો અને ફરીથી મારકૂટ કરવા લાગ્યો હતો દરમિયાન ગામના મીનાબેન કમલેશભાઈ વિંઝુડા ત્યાં આવ્યા હતા અને તેમણે પણ મારવામાં પાછું વળીને જોયું ન હતું. એવામાં યુવાનના પરિવારજનો આવી જતા બંને નાસી ગયા હતા. બાદમાં મામલો પોલીસ મથકે પહોંચતાં પોલીસે આગળની કાર્યવાહી શરૂ કરી છે.

# ટંકારામાં બોલેરોમાંથી ૧,૨૪૮ બોટલ દારૂ ઝડપાયો, બે આરોપીની ધરપકડ



મોરબી:મોરબી-રાજકોટ હાઈવે પર ટંકારાના નગરનાકા નજીક પોલીસે બોલેરો કેમ્પર ગાડીમાંથી મોટા પ્રમાણમાં ઈંગ્લિશ દારૂ ઝડપી પાડ્યો છે. ગાડીમાં શીટ નીચે, ઠાઠામાં તેમજ ટોપના ભાગે બનાવેલા ચોરખાનામાં છુપાવવામાં આવેલી દારૂની ૧,૨૪૮ બોટલો મળી આવી હતી. પોલીસે દારૂ, વાહન અને મોબાઈલ ફોન સહિત કુલ રૂ.૬.૩૩ લાખનો મુદ્દામાલ કબજે કરી બે આરોપીની ધરપકડ કરી છે, જ્યારે એક આરોપીને ઝડપી પાડવા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

બાતમીના આધારે પોલીસે ગાડી નંબર GJ-3-BV-9752ને રોકી તેની તલાશી લીધી હતી. તપાસ દરમિયાન ગાડીમાં શીટ નીચે, ઠાઠામાં તેમજ ટોપ ઉપરના ભાગે ખાસ રીતે બનાવવામાં આવેલા ચોરખાનામાંથી અલગ-અલગ બ્રાન્ડની ઈંગ્લિશ દારૂની પ્લાસ્ટિકની કુલ ૧,૨૪૮ બોટલો મળી આવી હતી.

પોલીસે ઝડપાયેલા દારૂના જથ્થાની કિંમત રૂ.૩,૨૭,૮૪૦ આંકી છે. આ ઉપરાંત રૂ.૩ લાખની બોલેરો કેમ્પર ગાડી અને રૂ.૫,૫૦૦ની કિંમતના બે મોબાઈલ ફોન મળી પોલીસે કુલ રૂ.૬,૩૩,૩૪૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આ કેસમાં પોલીસે બનાસકાંઠા જિલ્લાના રામપુરા છોટાના રહેવાસી ૩૦ વર્ષીય દશરથ હરકનભાઈ રબારી અને રાજસ્થાનના ઝાલોર જિલ્લાના રાનીવાડા તાલુકાના જારડા ગામના ૪૫ વર્ષીય બાબુરામ જવાનાજી ભાડકાની ધરપકડ કરી છે. પોલીસ તપાસ દરમિયાન રાજસ્થાનના પાલ કુડા ગામના મહેન્દ્રભાઈ બાબુરામ રબારીનું નામ સામે આવ્યું છે.ટંકારા તાલુકા પોલીસ સ્ટેશનમાં ત્રણેય શખ્સો સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસે ફરાર ત્રીજા આરોપીને ઝડપી પાડવા માટે શોધખોળ અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# લોનના બહાને ડોક્યુમેન્ટ મેળવી બારોબાર બેન્ક ખાતા ખોલી સાયબર ફ્રોડના દોઢ કરોડની હેરફેર

જામનગર :

જામનગરમાં લોન કરાવી આપવાના બહાને ત્રણ વ્યક્તિઓ પાસેથી દસ્તાવેજો, સહી કરાવેલા ફોર્મ અને મોબાઇલ સિમકાર્ડ મેળવી તેમની જાણ બહાર કર્ણાટક બેંકમાં ત્રણ બેંક ખાતાં ખોલાવી આશરે રૂા.૧.૫૦ કરોડ જેટલા સાયબર ફ્રોડના નાણાંના વ્યવહારો કરવામાં આવ્યા હોવાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.જામનગરના અસલમ દાઉદભાઈ ભગાડ (ઉં.વ. ૨૭)એ પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ તે તથા તેમના ભાઈ અક્રમ ભગાડ જામનગરના બેડેશ્વર વિસ્તારમાં આવેલી રેશમા હોટલમાં મજૂરી કામ કરતા હતા. તે દરમિયાન લોનની જરૂરિયાત હોવાથી હોટલના માલિક અસગર અબ્દુલ ચમડીયાને વાત કરતાં તેમણે તેમના મિત્ર ફેજલ ખફીના ઓળખીતા કર્ણાટક બેંકના કર્મચારી રઘુભાઈ મારફતે લોન કરાવી આપવાની વાત કરી હતી.ત્યારબાદ ફરિયાદી, તેમના ભાઈ અક્રમ અને ભાભી મીનાઝબેન અસગર સાથે કર્ણાટક બેંકની કુબેર એવન્યુ શાખામાં ગયા હતા અને લોન માટે જરૂરી દસ્તાવેજો આપ્યા હતા. બેંક કર્મચારી રઘુભાઈએ અલગ અલગ ફોર્મમાં તેમની સહીઓ પણ કરાવી હતી. ત્યારબાદ બંને ભાઈઓના નામે મોબાઈલ સીમ કાર્ડ કઢાવવાની વાત કરી સીમ કાર્ડ પણ મેળવી લેવામાં આવ્યા હતા.થોડા દિવસ બાદ અસગરે ફોન કરીને તેમનો સીબિલ સ્કોર ખરાબ હોવાથી લોન નહીં થાય તેમ જણાવ્યું હતું. પરંતુ ફેબ્રુઆરીમાં છત્તીસગઢ રાજયની પોલીસ ફરિયાદી તેમના ભાઈ અક્રમને ગુનાના કામે લઇ જતાં સમગ્ર મામલો બહાર આવ્યો હતો.

ફરિયાદી યુવાનતેના ભાઇ તથા ભાભીના દસ્તાવેજનો ઉપયોગ કરી તેમની જાણ બહાર બેંક ખાતા ખોલી ત્રણેય ખાતાંમાં આશરે રૂા. ૧,૫૦,૯૮,૦૦૦ના સાયબર ફ્રોડના નાણાંના વ્યવહારો કરાયા હતા. તેથી આરોપીઓ અસગર અબ્દુલ ચમડીયા, ફેજલ ખફી તથા કર્ણાટક બેંકના કર્મચારી રઘુભાઈ સહિતના શખ્સો સામે ફરિયાદ નોંધાવતા તપાસ હાથ ધરાઈ છે.

# જસદણમાં કાર-બાઈક અકસ્માતમાં દંપતીનું મોત

## માધવીપુર-શિવરાજપુર રોડ પરની ઘટના, મોઢુકાથી જસદણ આવી રહ્યા હતા પતિ-પત્ની

રાજકોટ:જસદણના માધવીપુર-શિવરાજપુર રોડ પર કાર અને બાઈક વચ્ચે અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં બાઈક પર સવાર પતિ-પત્ની બંનેના મોત થયા હતા.



મળતી માહિતી અનુસાર, દંપતી મોઢુકા ગામથી બાઈક પર જસદણ આવી રહ્યા હતા. ત્યારે માધવીપુર-શિવરાજપુર રોડ પર તેમની બાઈક કાર સાથે અથડાઈ હતી. આ ઘટનામાં બંનેને ગંભીર ઈજાઓ થઈ હતી અને તેમના મોત થયા હતા.ઘટનાની જાણ થતાં જસદણ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે જસદણ સરકારી હોસ્પિટલ ખસેડ્યા હતા. જસદણ પોલીસે આ સમગ્ર અકસ્માત અંગે વધુ તપાસ શરૂ કરી છે.

# પાટડીમાં ગૌ હત્યાના વિરોધમાં હિન્દુ સમાજમાં આક્રોશ

## હજારો લોકોએ રેલી કાઢી ડીવાયએસપીને આવેદન આપ્યું, કડક સજાની માગ કરાઈ

સુરેન્દ્રનગર:પાટડીમાં ગૌ હત્યાના વિરોધમાં હિન્દુ સમાજમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. આજે હજારોની સંખ્યામાં લોકોએ રેલી કાઢી પાટડી પ્રાંત કલેકટર અને ડીવાયએસપીને આવેદનપત્ર આપ્યું હતું. જેમાં આરોપીઓ સામે કડક કાર્યવાહી કરી સજા આપવાની માંગ કરવામાં આવી હતી. પાટડી નગરના તમામ વેપારીઓએ પોતાના ધંધા-રોજગાર બંધ રાખી આ રેલીમાં ભાગ લીધો હતો.

ગત રાત્રિના રોજ પાટડીના પઠાણવાસમાં ગૌ હત્યા કરવામાં આવી હતી. આ ઘટનાની જાણ થતાં જ પોલીસ તંત્ર દ્વારા ગૌ હત્યાના આરોપીની ધરપકડ કરી કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.



પાટડીમાં ગૌ હત્યાના સમાચાર ઝડપથી ફેલાતા હિન્દુ સમાજમાં ભારે રોષ જોવા મળ્યો હતો. પાટડી સહિત તાલુકાના હિન્દુ સમાજના લોકો દરબારી ચોકથી રેલી સ્વરૂપે એકત્ર થયા હતા. તેમણે પ્રાંત અધિકારી અને ડીવાયએસપીને આવેદનપત્ર આપી આરોપીઓ સામે કડક કાર્યવાહી અને ગેરકાયદેસર કતલખાના સંપૂર્ણ બંધ કરવાની ઉગ્ર માંગ કરી હતી.

આ લેખિત આવેદનપત્રમાં જણાવાયું હતું કે, સનાતન સંસ્કૃતિ અને ભારતીય પરંપરામાં ગાયને માતાનો દરજ્જો આપવામાં આવ્યો છે. જ્યારે દેશભરમાં ગાયને રાષ્ટ્રમાતા જાહેર કરવા માટે હસ્તાક્ષર અભિયાન ચાલી રહ્યું છે, ત્યારે પાટડી નગરમાં ગેરકાયદેસર રીતે પઠાણવાસમાં ખુલ્લેઆમ કતલખાનું ચલાવવામાં આવી રહ્યું છે. હિન્દુ સમાજની લાગણીઓને ઠેસ પહોંચાડે તેવી રીતે ગાયોની કતલ કરવામાં આવી રહી છે.

આવેદનપત્રમાં વધુમાં જણાવાયુ હતું કે, શ્રાવણ માસ વદ પક્ષ એકાદશી સોમવારના પવિત્ર દિવસે ગૌમાતાની હત્યા કરીને સનાતનીઓની ધાર્મિક લાગણી દુભાવવામાં આવી છે. સમગ્ર હિન્દુ સમાજની માંગ છે કે આવા તત્વો સામે કાયદાની જોગવાઈ મુજબ કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે અને દાખલારૂપ સજા આપવામાં આવે.

આ રેલીમાં પીપળી મંદિરના મુખી મહારાજ, સત્યનારાયણ મંદિરના સંતો-મહંતો, દિલીપ પટેલ, પાટડી નગરપાલિકાના પ્રમુખ હિતેશ રાવલ, પૂર્વ પ્રમુખ મૌલેશ પરીખ, મુકેશ દેસાઈ, રશ્મિ રાવલ, રઘુ ખાંભલા, પાટડી શહેર ભાજપ પ્રમુખ વિરલ સોની, તાલુકા ભાજપ પ્રમુખ સુખદેવ ઠાકોર સહિત વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ, આર.એસ.એસ. અને ભાજપના કાર્યકરો જોડાયા હતા. પાટડી નગરના તમામ વેપારીઓએ પણ પોતાના ધંધા-રોજગાર બંધ રાખી રેલીને ટેકો આપ્યો હતો.

# રાજકોટ રેલવે સ્ટેશનથી ૧૮ કિલો ગાંજા સાથે એક શખસ ઝડપાયો



રાજકોટ:રાજકોટ રેલવે સ્ટેશન પરથી ગાંજાનો મોટાપ્રમાણમાં જથ્થો લઈ જતા એક શખસને લોકલ ક્રાઈમ બ્રાંચ અને પશ્ચિમ રેલવે પોલીસે સંયુક્ત ઓપરેશન પાર પાડીને ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપી પાસેથી ૧૮ કિલો ૮૫૯ ગ્રામ ગાંજો, મોબાઈલ, રોકડ અને બે ટ્રોલી બેગ મળી કુલ ૯.૨૩ લાખ રૂપિયાથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, યુવાધનને નશાની લતથી બચાવવા અને નશીલા પદાર્થોના ખરીદ-વેચાણ સામે ચલાવવામાં આવી રહેલા 'Say No to Drugs' અભિયાન અંતર્ગત આ કામગીરી કરવામાં આવી રહી છે. ત્યારે રેલવે પોલીસની ટીમ રાજકોટ રેલવે સ્ટેશન પર ટ્રેન અને પ્લેટફોર્મ પર સઘન ચેકિંગ કરી રહી હતી. આ દરમિયાન પ્લેટફોર્મ નંબર ૧ પર બે ટ્રોલી બેગ સાથે શંકાસ્પદ હિલચાલ કરી રહેલા શખસ પર પોલીસની નજર પડી હતી. તેને અટકાવીને તેની બેગની તલાશી લેતાં અંદરથી ૯,૨૩,૩૪૦ રૂપિયાની કિંમતનો ૧૮.૮૫૯ કિલો ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે ગાંજો જપ્ત કરી આરોપીની અટકાયત કરી હતી. આ મામલે રાજકોટ રેલવે પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. તપાસ દરમિયાન આ કેસમાં અન્ય એક વ્યક્તિનું નામ પણ સામે આવ્યું છે, જે હાલ ફરાર હોય તેને ઝડપી પાડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા